ગાંધીનગર સમાચાર

નવાઝ શરીફ શપથવિધિમાં હાજરી આપશે

નવી દિલ્હી, તા. ૨૪

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ નરેન્દ્ર મોદીની શપથવિધીમાં ભાગ લેવા માટે સંમત

થઇ જતાં વિશ્વભરમાં ઉત્સુકતા વધી ગઈ છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધોમાં એક નવા યુગની શરૂઆત પણ થઇ શકે છે. નવાઝ શરીફે નરેન્દ્ર મોદી દ્વારા મોકલવામાં આવેલા આમંત્રણને સ્વીકારી લેવાની વાત પાકિસ્તાને કરી છે. પાકિસ્તાનના વડાપ્રધાનના સલાહકાર સરતાજ અઝીઝે આની જાહેરાત કરતા કહ્યું હતું કે નવાઝ શરીફ ૨૬મી મેના દિવસે યોજાનાર કાર્યક્રમમાં ભાગ લેશે. જીઓ ટીવીએ માહિતી આપતા કહ્યું છે કે નવાઝ શરીફનો પ્રવાસ ટુંકો રહેશે પરંતુ આ ગાળા દરમિયાન નવાઝ શરીફ નરેન્દ્ર મોદીની સાથે ૨૭મી મેના દિવસે દ્વિપક્ષીય વાતચીત કરે તેવી સંભાવના દેખાઇ રહી છે. નરેન્દ્ર મોદીની તાજપોશીમાં ભાગ લેવા માટે માટે વિશ્વના અનેક દેશોના નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતુ.જેમાં નવાઝ શરીફ્ ને સાર્ક દેશોના અન્ય લીડરોનો સમાવેશ થાય છે. પાકિસ્તાન સિવાયના દેશોના નેતાઓ પ્રતનિધીઓ મોદીની શપથવિધીમાં ભાગ લેવા માટે પોતાની ઇચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. નવાઝ શરીફ ભાગ લેશે કે કેમ તેને લઇને સસ્પેન્સની સ્થિતી હતી. પરંતુ આજે નવાઝ શરીફના મામલે જાહેરાત કરવામાં આવતા નવા યુગની શરૂઆત થવાના સંકેત દેખાઇ રહ્યા છે. પાકિસ્તાનમાં રાજકીય લોકો ઇચ્છી રહ્યા હતા કે નવાઝ શરીફ મોદીની શપથવિધીમાં ચોક્કસપણે ભાગ લે પરંતુ પાકિસ્તાનની સેના આનો વિરોધ કરી રહી હતી.જમાત ઉદ દાવાના લીડર હાફિઝ સઇદ અને બીજા કટ્ટરપંથીઓ દ્વારા જાહેરમાં વિરોધ કરવામાં આવ્યો હતો. જો કે નવાઝ શરીફે તૈયારી બતાવીને એક નવો દાખલો બેસાડ્યો છે. આગામી દિવસમાં શરીફનો પાકિસ્તાનમાં વધુ વિરોધ થાય તેવી શક્યતા દેખાઇ રહી છે. દરમિયાન ભાજપે પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફના નિર્ણયને લઇને ખુશી વ્યક્ત કરી હતી જ્યારે કોંગ્રેસે પણ સાવધાનીપૂર્વકની પ્રતિક્રિયા આપી હતી. ભાજપના પ્રવક્તા પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, પાકિસ્તાની વડાપ્રધાને ખુબ જ યોગ્ય નિર્ણય લીધો છે. જાવડેકરે એમ પણ કહ્યું હતું કે, નવા સંબંધોની શરૂઆત થવા જઇ રહી છે. પાકિસ્તાન, ચીન, નેપાળ, ભૂટાન, શ્રીલંકા, મ્યાનમાર ભારતના પાડોશી દેશો છે અને પડોશી દેશો બદલી શકાય તેમ નથી.

રાહુલ અને સોનિયા ગાંધી પણ મોદીની શપથવિધિમાં ભાગ લેશે

નવીદિલ્હી, તા. ૨૩

નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન તરીકે ૨૬મીએ શપથ લેનાર છે. શપથવિધિમાં ઘણી ટોચની હસ્તીઓ ઉપસ્થિત રહેનાર છે. આવા સમયમાં શપથવિધિ કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી પણ ભાગ લેનાર છે. કોંગ્રેસ હજુ સુધી ગુજરાતમાં મોદીના મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કાર્યક્રમનો બહિષ્કાર કરતી રહી છે. લોકસભા ચૂંટણીમાં પણ મોદી અને રાહુલ ગાંધીએ એક બીજા ઉપર તેજાબી આક્ષેપો કર્યા હતા પરંતુ ચૂંટણી બાદ હવે સ્થિતિ જુદી છે. લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે ઐતિહાસિક જીત મેળવી લીધાના પાંચ દિવસ બાદ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ નરેન્દ્ર મોદીને શુભેચ્છા પાઠવી હતી. વડાપ્રધાન પદના શપથમાં વિપક્ષી નેતાઓ ભાગ લે તે સ્વાભાવિક બાબત છે. પરંતુ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી મોદીના કાર્યક્રમમાં ભાગ લેવાની તૈયારી દર્શાવતા ભારે આશ્ચર્ય જોવા મળી રહ્યું છે. બોલીવુડમાંથી અમિતાભ બચ્ચન, સલમાન ખાન, રજનીકાંત, વિવેક ઓબેરોયને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. શપથવિધિમાં નરેન્દ્ર મોદીના માતા હિરાબા નજરે પડશે નહીં.

જગત પ્રકાશ નડ્ડા ભાજપ પ્રમુખ બને તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૨૪

રાજ્યસભાના સાંસદ અને ભાજપના વર્તમાન મહાસચિવ જગત પ્રકાશ નડ્ડા પાર્ટીના આગામી પ્રમુખ બને તેવી શક્યતા દેખાઇ રહી છે. નડ્ડા દેશના વડાપ્રધાન બનવા જઇ રહેલા નરેન્દ્ર મોદીના સૌથી વિશ્વાસુ પૈકીના એક તરીકે છે. તેઓ હમેંશા લો પ્રોફાઇલ રહ્યા છે. નડ્ડાને ભાજપના પ્રમુખપદ માટે સૌથી પ્રબળ દાવેદાર તરીકે ગણવામાં આવે છે. પાર્ટી પ્રમુખ રાજનાથસિંહ જો મોદી સરકારમાં સામેલ થશે તો અધ્યક્ષ કોણ બનશે તેને લઇને ભારે અટકળો ચાલી રહી છે. સુત્રોએ કહ્યું છે કે નડ્ડાને ભાજપના મોટા ભાગના સભ્યો અને રાષ્ટ્રીય સ્વયસેવક સંઘના લોકોનો પણ ટેકો છે. આ ઉપરાંત સૌથી મોટી બાબત એ છે કે નડ્ડા ભાવિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૌથી નજીકના લોકો પૈકી એક છે. મોદી સાથે તેમના ખુબ મજબુત સંબંધ છે. મોદી જ્યારે પાર્ટીના મહાસચિવ પ્રભારી હતા ત્યારથી જ તેમની વચ્ચે સમીકરણ સારા રહ્યા છે. બન્ને અશોક રોડ સ્થિત ભાજપ હેડ ક્વાટર્સ ખાતે રહેતા હતા. નડ્ડા હિમાચલમાં પર્યાવરણ પ્રધાન તરીકે રહી ચુક્યા છે. નડ્ડાની તરફેણમાં એક અન્ય બાબત પણ જાય છે તે એ છે કે ભાજપના સ્ટાર જનરલ સેક્રેટરી અમિત શાહની સાથે પાર્ટીના યુથ વિંગ ભારતીય જનતા મોરચામાં તેઓ કામ કરી ચુક્યા છે. પાર્ટીમાં સુત્રો માની રહ્યા છે કે હવે નડ્ડા અને અમિત શાહ મોદીની પ્રાથમિકતાની દ્રષ્ટિ ભાજપને આગળ વધારવા માટે કામ કરશે. મોદી સોમવારના દિવસે દેશના વડાપ્રધાન તરીકે શપથ લેવા જઇ રહ્યા છે. તેમની શપથવિધી બાદ નવી સરકાર સત્તારૂઢ થઇ જશે અને સક્રિય થઇ જશે. ભાજપના પ્રમુખપદને લઇને હિલચાલ વધારે તીવ્ર બનાવી દેવામાં આવી છે. નડ્ડાના નામ પર ચર્ચા ચાલી રહી છે કે કેમ તે અંગે અહેવાલ મળી રહ્યા નથી.

શાઝિયા ઇલ્મીએ એએપી સાથે છેડો ફાડ્યો

નવીદિલ્હી, તા. ૨૪

લોકસભાની ચૂંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ આમ આદમી પાર્ટીને એક પછી એક મોટા ફટકા પડી રહ્યા છે. હાલમાં જ પુરી થયેલી લોકસભાની ચૂંટણીમાં ખરાબ દેખાવનો સામનો કરી ચુકેલી આમ આદમી પાર્ટીને પાર્ટીના નેતા શાઝિયા ઇલ્મીએ પક્ષના તમામ હોદ્દા પરથી આજે રાજીનામુ આપી દીધું હતું. શાઝિયા ઇલ્મીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના જેલની રમતથી તેઓ સહમત નથી. શાઝિયાએ રાજીનામુ આપવા માટે પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું અને કહ્યું હતું કે, તેઓ અન્ય કોઇ પાર્ટીમાં સામેલ થનાર નથી. અરવિંદ કેજરીવાલનું તેઓ ખુબ સમ્માન કરે છે પરંતુ તેમની જેલની રમતથી તેઓ સહમત નથી. શાઝિયાએ કહ્યું હતું કે, કેજરીવાલ પાર્ટીમાં લોકશાહી અમલી બનાવી શકતા નથી જેથી પાર્ટી સાથે છેડો ફાડવાની ફરજ પડી છે. કેજરીવાલ માટે આ સમય આત્મમંથન માટેનો

છે. લોકોની વચ્ચે જવા કેજરીવાલને તેઓએ અપીલ કરી હતી. આમ આદમી પાર્ટી દિશાહિન થઇ ગઇ છે. શાઝિયાએ એમ પણ કહ્યું હતું કે, અરવિંદ કેજરીવાલ એક ટુકડીથી ઘેરાઇ ગયા છે. આ ટુકડી તેમને ચારેબાજુથી ઘેરી ચુકી છે. કેજરીવાલે આમાથી બહાર નિકળવું જોઇએ. તેમણે એમ પણ કહ્યું હતું કે, જે આમ આદમી પાર્ટી લોકશાહીની વાત કરી રહી છે તે પાર્ટીની અંદર જ લોકશાહી જેવી કોઇ ચીજ રહી નથી.

શાઝિયાએ એમપણ કહ્યું હતું કે, જેલની રમતમાં વધારે સમય બગાડવો જોઇએ નહીં. તેમને જામીન બોન્ડ ફરી દેવા જોઇએ. જેલમાં નાટક કરવાના બદલે લોકોની વચ્ચે કેજરીવાલે જવું જોઇએ. શાઝિયાએ એમ પણ કહ્યું હતું કે, તેઓ ચૂંટણી દરમિયાન જ ગાઝિયાબાદમાં પાર્ટી છોડવા ઇચ્છુક હતા પરંતુ પરિણામની રાહ જોઇ હતી. શાઝિયાએ કહ્યું હતું કે, તેઓ ભ્રષ્ટાચારની સામે લડાઇ જારી રાખશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આમ આદમી પાર્ટી સાથે વિનોદ કુમાર બિન્ની પણ અગાઉ નારાજગી વ્યક્ત કરીને છેડો ફાડી ચુક્યા છે. શાઝિયાએ કહ્યું હતું કે, કેજરીવાલ અન્ય નેતાઓની અવગણના કરી રહ્યા છે. અરવિંદ શોટ મેસેન્જર ધરાવે છે. પાર્ટીમાં તેમની અવગણના કરવામાં આવી હતી. જેલ ભરોની રાજનીતિમાં તેઓ માનતા નથી. પક્ષના અન્ય એક સભ્ય કેપ્ટન જીઆર ગોપીનાથે પણ એએપી સાથે છેડો ફાડી લીધો હતો.

શસ્ત્ર ઉત્પાદનના ક્ષેત્રે ખાનગી ક્ષેત્રને વધારે મહત્વની જરૂર

નવી દિલ્હી,તા. ૨૪

નરેન્દ્ર મોદી સરકારની સંરક્ષણ ક્ષેત્રે પણ કેટલીક પ્રાથમિકતાઓ રહેશે જેના ભાગરુપે મોદી સરકારને સ્વદેશી સંરક્ષણ આર એન્ડ ડીમાં વધુ ધ્યાન આપવાની જરૂર રહેશે. સ્વદેશી ઉત્પાદન ઘણા સમયથી ખોરવાઈ ગયું છે. પ્રાપ્તી નીતિમાં વારંવાર ફરિયાદો થઇ છે જેથી આની તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. નાગરિક અને લશ્કરી લીડરશીપ વચ્ચે સંબંધોને વધારે પ્રાથમિકતાની જરૂર છે. નવી સરકાર સામે સંરક્ષણ ક્ષેત્રે પણ પ્રાથમિકતા ઘણી બધી છે. ડીઆરડીઓના માળખામાં સુધારા કરીને સ્વદેશી સંરક્ષણ આર એન્ડ ડી અને ઉત્પાદનમાં વધારો કરવાની જરૂર છે. તેની ૫૦ લેબ, પાંચ ડિફેન્સ પીએસયુ, ચાર શિપયાર્ડ, ૩૯ ઓર્ડિનન્સ ફેક્ટ્રીઓ તરફ ધ્યાન આપવાની જરૂર છે. શસ્ત્રોના ઉત્પાદનમાં પ્રવેશ કરવા ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવું જોઇએ. ભારત હજુ પણ ૬૫ ટકા લશ્કરી હાર્ડવેર અને સોફ્ટવેરની નિકાસ કરે છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે જુદી જુદી પ્રાથમિકતાઓ જે મોદી સરકારની રહી શકે છે તેની વાત કરી છે. દેશના ઉચ્ચ ડિફેન્સ મેનેજમેન્ટમાં સુધારાની જરૂર છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જેવા હોદ્દાની રચના કરવાથી લઇને હથિયારોના મામલે આત્મનિર્ભર બનવાની જરૂર છે. નવી માઉન્ટેઇન સ્ટ્રાઇક કોર્ટ અને સાથે સાથે લશ્કરી ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત કરવાની જરૂર છે. ભારતના પરમાણુ શસ્ત્ર કાર્યક્રમ તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. સંરક્ષણ બજેટ ખર્ચમાં જીડીપીના ઓછામાં ઓછા ૨.૫ ટકા સુધી વધારવાની જરૂર છે. સશસ્ત્ર દળોમાં બિનજરૂરી તકલીફને દૂર કરવાની જરૂર છે. સેનાના પૂર્વ જવાનોના કલ્યાણ માટે વધુ પ્રયાસ કરવા જોઇએ.

ભાજપ નેતાઓની મોદી અને રાજનાથ સાથે લાંબી મંત્રણા

અમિત શાહ અને નડ્ડાની મોદીની સાથે ગુજરાત ભવનમાં વાતચીત : વેંકૈયા નાયડુ, ઉમા તેમજ અન્યોની ચર્ચા થઇ

નવી દિલ્હી,તા. ૨૪

ભાજપના વરિષ્ઠ નેતાઓ આજે નિયુક્તિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને નવી સરકાર શપથ લે પહેલા વાતચીત કરી હતી. નવી એનડીએ સરકાર સત્તા સંભાળે તે પહેલા જોરદાર તૈયારી ચાલી રહી છે. મોદીના નજીકના સાથી અમિત શાહ અને ભાજપના જનરલ સેક્રેટરી જેપી નડ્ડા ગુજરાત ભવન ખાતે પહોંચ્યા હતા. આ બંને આજે સવારે જ નરેન્દ્ર મોદીને મળવા માટે પહોંચી ગયા હતા. અમિત શાહ મોડેથી રાજનાથસિંહને પણ મળ્યા હતા. પક્ષના સિનિયર નેતા અને ભૂતપૂર્વ પક્ષ પ્રમુખ વેંકૈયા નાયડુ પણ ગુજરાત ભવન ખાતે પહોંચ્યા હતા. ઝાંસી લોકસભા બેઠક પરથી ચૂંટાઇ આવેલા ઉમા ભારતી પણ મોદીને મળ્યા હતા. આરપીઆઈના વડા રામદાસ પણ મોદીને મળ્યા હતા. મોદી કેબિનેટમાં સ્થાન મેળવવા માટે હાલમાં લોબી ચાલી રહી છે. રાજનાથસિંહના અશોકા રોડ ખાતે પણ મોટી સંખ્યામાં નેતાઓ પહોંચી રહ્યા છે. ભાજપના વડાને મળી ચુકેલા અગ્રણીઓમાં પક્ષના સાંસદ મેનકા ગાંધી, ઉદિત રાજ, દિલ્હી એકમના વરિષ્ઠ નેતા વિજય ગોયેલ, ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન આડી સ્વામીનો સમાવેશ થાય છે. ભાજપના જનરલ સેક્રેટરી રામલાલ પણ રાજનાથસિંહને મળ્યા હતા. સરકારની રચના માટેની કવાયત હાલમાં જોરદાર રીતે ચાલી રહી છે.

દેશમાં આજકાલ ચારે બાજુ નરેન્દ્ર મોદીનું નામ લેવાઈરહ્યું છે. પદનામિત વડાપ્રધાનના ફેન જાતભાતની ચીજવસ્તુઓ બનાવી મીડીયાનું ધ્યાન એકત્ર કરી રહ્યા છે. અમૃતસર ખાતે એક મિનિએચર આર્ટીસ્ટે ચાના ડિસ્પોઝેબલ ગ્લાસમાંથી નરેન્દ્ર મોદીનું ચિત્ર બનાવ્યું હતું અને તેમને શુભેચ્છા પાઠવી હતી.

સમાચાર ઝલક

- આશારામ બાપુ સામે અવાજ ઉઠાવનાર પૂર્વ સાધક અમૃત પ્રજાપતિ પર જીવલેણ હુમલો.
- કેન્દ્રિય વિભાગોમાં ગમે તે સમયે-ગમે તે સ્થળે વડાપ્રધાન મોદી કામની વિગતો સાથે પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન માટે અધિકારીઓને બોલાવશે, તૈયાર રહજો.
- રાજકોટમાં બે-દિવસીય તરણ સ્પર્ધાનો આરંભ થયો.
- ફિલ્મોનાં વ્યસ્ત શેડ્યુલ વચ્ચે પણ અક્ષયકુમાર વેકેશન ભોગવી લે છે.
- સૂરત સિવિલમાં કેન્સર સેન્ટરમાં દવાઓનાં અભાવે દર્દીઓની પીડા વધી.
- ભારતના સર્વાધિક ઉંમરનાં ટેસ્ટ ક્રિકેટર માધવ મંત્રીનું અવસાન થયું, સુનિલ ગાવસ્કરના મામા થાય.
- હવે તો રામમંદિર બનવું જ જોઇએ : અશોક સિંઘલ.
- હવે પ્રોવિડન્ડ ફંડ ૨૦ દિવસમાં મળી જશે.
- શહેરી લાઇફનાં લીધે હાર્ટએટેક અને અન્ય રોગો વધે છે.
- કાણાનાણાં કેસમાં સીટની રચના કરવા કેન્દ્રને આદેશ આપતી સુપ્રીમ કોર્ટ.
- પાકિસ્તાનમાં નવ વર્ષની થતાં જ છોકરીને પરણાવી દેવાનો ટ્રેન્ડ.
- નવી લોકસભામાં ૩૧૫ સભ્યો પ્રથમવાર સંસદ સભ્ય તરીકે પ્રવેશ કરશે.
- ૩૬ કલાક હીટવેવ રહેવાની ચેતવણી, લોકો ગરમીથી ત્રાહીમામ.
- ટીપુ સુલ્તાનની વીટી ઇંગ્લેન્ડમાં ૧૪૫,૦૦૦ પાઉન્ડમાં વેચાઇ.
- આઇ.પી.એલ.માં ભેટી શખ્સોનાં આંટાફેરા, સુકાની સુનિલ ગાવસ્કરનો ઘટસ્ફોટ.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સોગંધવિધિનાં દિવસે પાકિસ્તાન ગુજરાતનાં ૧૫૦ માછિમારોને મુક્ત કરશે.
- મધ્યપ્રદેશનાં મુખ્યમંત્રી શિવરાજસિંહનાં માતાનાં ગળામાંથી ચેનની લૂંટ કરતા બાઇક સવાર.
- તમાકુથી બનતા ઉત્પાદન પર વેરો વધારવા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની માંગણી.

કોંગ્રેસમાં પ્રિયંકાને વધારે મહત્વ આપવાની જરૂર છે

નવી દિલ્હી, તા. ૨૪

લોકસભાની ચૂંટણીમાં કારમી હાર બાદ કોંગ્રેસની અંદર પણ નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. હવે કોંગ્રેસની અંદર પણ નેતાઓ એવી રજૂઆત કરી રહ્યા છે કે, પ્રિયંકા વાઢેરાને મેદાનમાં ઉતારવામાં આવે તે જરૂરી છે. પ્રિયંકાની તરફેણમાં અવાજ મજબૂત બની રહ્યો છે. જાણકાર લોકોએ કહ્યું છે કે, કોંગ્રેસના સભ્ય હોવાને કારણે પણ તેમનો અનુભવ વ્યાપક પ્રમાણમાં ધરાવે છે. પ્રિયંકા અનુભણ પણ ધરાવે છે. આવા સમયમાં પક્ષે તેમનો ઉપયોગ વધારવો જોઇએ. જાણકાર લોકોએ કહ્યું છે કે, પ્રિયંકા એક ફાઇટર તરીકે છે. અનેક લોકો તેમનામાં ઇંદિરા ગાંધીની પ્રતિષ્ઠા નિહાળે છે. ઇન્દિરા ગાંધીની જેમ જ પ્રિયંકામાં પણ લોકોને પ્રભાવિત કરવાની ક્ષમતા રહેલી છે. આવી સ્થિતિમાં પ્રિયંકા ગાંધીને કોંગ્રેસમાં વધારે મહત્વ આપવામાં આવે તે જરૂરી છે. ભાજપે નરેન્દ્ર મોદીને જે રીતે પ્રોજેક્ટ કરીને મોટી સફળતા મેળવી છે તેવી જ રીતે કોંગ્રેસે પણ કેટલાક કઠોર પગલા લેવા જોઇએ.

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર સામે પડકાર રહેશે

આરોગ્ય સંભાળ પર વધતા ખર્ચને કાબુમાં લેવાની જરૂર

નવી દિલ્હી ,તા. ૨૪

દેશમાં નરેન્દ્ર મોદી સરકાર જુદા જુદા ક્ષેત્રમાં અસરકારક પગલા લેશે તેવી અપેક્ષા તમામ લોકો રાખી રહ્યા છે. મોદીની ગણતરી એક ઝડપી નિર્ણય લેનાર વ્યક્તિ તરીકેની રહી છે આવી સ્થિતીમાં ઝડપી પગલાની અપેક્ષા તમામ લોકો રાખી રહ્યા છે. આરોગ્યના ક્ષેત્રમાં પણ લોકો તેમની પાસે કેટલાક એવા પગલાની અપેક્ષા રાખી રહ્યા છે જે આગામી સમયમાં લોકો માટે અસરકારક રહેશે. જાણકાર લોકો માની રહ્યા છે કે સતત વદી રહેલા આરોગ્ય સંભાળ પરના ખર્ચને ઘટાડવાની બાબત મોદી સરકાર માટે મોટા પડકાર સમાન રહેશે. પરિવારના બજેટને બગાડી નાંખનાર આરોગ્યના ક્ષેત્રને અસરકારક બનાવવાની જરૂર છે. આરોગ્ય પર લોકોના જંગી નાણાં ખર્ચ થાય છે. જાણકાર લોકો માની રહ્યા છે કે મોદી સરકારે હેલ્થરે પર જાહેર ખર્ચને જીડીપીના એક ટકાથી વધારવાની જરૂર છે. વિશ્વમાં હેલ્થકેર પર જાહેર ખર્ચ મામલે ભારત ખુબ પાછળ છે. પબ્લિક હેલ્થ ડિલિવરી સિસ્ટમને વધુ મજબુત કરવાની જરૂર છે. નર્સથી લઇને કુશળ તબીબ સહિત આરોગ્ય ક્ષેત્રમાં જોડાયેલા લોકોની અછતને દુર કરવાની જરૂર છે. તબીબો , સ્પેશિયાલિસ્ટો , નર્સો અને ટેકનિશિયનોની અછતને દુર કરવા મોટા પાયે ઝુબેશ હાથ ધરવામાં આવે તે જરૂરી છે. તમામ લોકોને સ્વચ્છ પામી મળે તે જરૂરી છે. મધ્યાન ભોજન યોજનાને નવેસરથી આગળ વધારવાની જરૂર છે. આ સ્કીમ વધારે અસરકારક બને તે જરૂરી છે. મહિલા અને બાળકોમાં કુપોષણને રોકવા માટે કેટલાક પગલાની જરૂર છે. આ સ્કીમોને મળી રહેલી રકમમાં જંગી વધારો કરવામાં આવે તે જરૂરી છે. દવાની કિંમતોને લિને ઉભી થયેલી ગૂંચને દુર કરવા માટે પગલાની જરૂર છે. હેલ્થ ઇન્સોરન્સ ઇન્ડસ્ટ્રીઝને વધુ અસરકારક બનાવવા અને કડક રીતે રપેગ્યિલેટર કરવાની જરૂર છે.

શરીફનો પ્રવાસ કાશ્મીર માટે ઘાતક પૂરવાર થશે

નવીદિલ્હી, તા. ૨૪

નરેન્દ્ર મોદીની શપથવિધિમાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ ભાગ લેવા જઇ રહ્યા છે ત્યારે પાકિસ્તાની છાવણીમાં પણ મતભેદો ઘેરા બની રહ્યા છે. ૨૬/૧૧ મુંબઈ હુમલાના માસ્ટર માઇન્ડ હાફિઝ સઇદે નવાઝ શરીફને ચેતવણી આપતા કહ્યું છે કે, તેમની ભારત યાત્રા કાશ્મીર માટે ઘાતક પૂરવાર થઇ શકે છે. પાકિસ્તાની સેનાની છાવણી માટે નિરાશાનો માહોલ છે. આ ઉપરાંત નારાજગી પણ પ્રવર્તી રહી છે. લાહોરમાં ભાષણ આપતા સઇદે મોદીની શપથવિધિમાં શરીફની ઉપસ્થિતિને કાશ્મીરીઓ માટે ઘાતક ગણાવી છે. સાથે સાથે શરીફની ભારત યાત્રાનો અંજામ ખૂની ઘટનાઓના રૂપમાં હોવાની ધમકી પણ આપી છે. પાકિસ્તાની મિડિયાના અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે, પાકિસ્તાની વિદેશ મંત્રાલયે આમંત્રણ સ્વીકારી લેવાની સલાહ આપી હતી. પાકિસ્તાનના રાજકીય લોકો ભારત સાથે સંબંધો સુધારવા માટે ઇચ્છુક છે પરંતુ પાકિસ્તાનમાં કટ્ટરપંથીઓ આનો વિરોધ કરી રહ્યા છે.

કુશળતા, સ્કોલરશીપ પર ધ્યાનની જરૂર

મોદી સરકાર નોકરીલક્ષી શિક્ષણ પર ધ્યાન આપશે

નવી દિલ્હી,તા. ૨૪

કેન્દ્રમાં સત્તા સંભાળવા જઇ રહેલી નરેન્દ્ર મોદી સરકાર જો શિક્ષણના ક્ષેત્રને સર્વોચ્ચ પ્રાથમિકતા આપશે તો ચૂંટણી પ્રચાર દરમિયાન આપવામાં આવેલા અનેક વચનોને નરેન્દ્ર મોદી ખુબ ઝડપથી પૂર્ણ કરી શકશે અને લોકોની પ્રશંસા મેળવી શકશે. કેન્દ્રમાં નવી સરકારને નોકરીલક્ષી શિક્ષણ વ્યવસ્થા પર હવે વધારે ધ્યાન આપવાની જરૂર છે. જાણીતા શિક્ષણ નિષ્ણાંતો માને છે કે સ્કીલ્ અને સ્કોલરશીપ પર ધ્યાન આપવાની જરૂર છે. સરકારે બદલાઇ રહેલી પરિસ્થિતી અને તેના કારણો ઉભા થયેલા પડકારો તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. ખાસ કરીને ઉચ્ચ શિક્ષણમાં ખાસ ધ્યાન આપવાની જરૂર છે. યુવાનો વધારે પ્રમાણમાં નોકરી મળી શકે તેવી શિક્ષણ વ્યવસ્થા રાખવાની જરૂર છે. મોદી સરકારને યુપીએના ગાળા દરમિયાન પણ લેવામાં આવેલા કેટલાક સારા પગલાને આગળ વધારવાની જરૂર છે. યુપીએ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા કેટલાક કાર્યક્રમોને વધુ સુધારીને તેને નવેસરથી અસરકારક રીતે હાથ ધરવાની જરૂર છે. શિક્ષણ પર ખર્ચને જીડીપીના ઓછામાં ઓછા છ ટકા સુધી વધારવાની જરૂર છે. સ્કુલોમાં વધુ પ્રમાણમાં બાળકો આવે તે માટે જરૂરી ફંડ માટે પગલાની જરૂર છે. દેશના જુદા જુદા ભાગોમાં સ્કુલોમાંથી અધવચ્ચે નિકળી જતા વિદ્યાર્થીઓના ચિંતાજનક પ્રવાહને રોકવાની જરૂર છે. અતિઆધુનિક શિક્ષણની પદ્ધિતી અપનાવવામાં આવે તે જરૂરી છે. સ્કીલ ડેવલપમેન્ટને વધુ પ્રાથમિકતા આપવાની જરૂર છે. રાઇટ ટુ એજ્યુકેશનને વધુ મજબુત કરવાની જરૂર છે. ફંડ સાથે રાજ્યોને વધુ મજબુત કરવાની જરૂર છે. જેથી તેઓ વધુ તાલીમ પામેલા શિક્ષકો તૈયાર કરી શકશે. સાથે સાથે શિક્ષકોની કુશળતા વધશે. સર્વ શિક્ષામાં વધુ ધ્યાન આપવાની જરૂર છે. સાથે સાથે અગ્રેજી શિક્ષણને વધારે પ્રાથમિકતા આપવાની જરૂર છે.ભારતમાં કેમ્પસ સ્થાપિત કરવા ઇચ્છુક વિદેશી યુનિવર્સિટીનો વિરોધ કરવો જોઇએ નહી. એઆઇસીટીઇને રદ કરવાની પણ જરૂર છે.